**સંવત્સરી અને પર્યુષણ પર્વે રાજ્યપાલશ્રીએ પાઠવેલી શુભકામનાઓ**

**રાજભવન, ગાંધીનગર, તા. ૩૧/૦૮/૨૦૧૯**

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે 'સંવત્સરી' અને પર્યુષણના પાવન પર્વ નિમિત્તે નાગરિકોને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે.

રાજ્યપાલશ્રીએ તેમના શુભ સંદેશમાં જણાવ્યું છે કે, આ પાવન પર્વ ભગવાન મહાવીરના તિતિક્ષા અને ક્ષમાના મહાન સિદ્ધાંતોને આપણા જીવનમાં આત્મસાત કરવાની પ્રેરણા આપે છે. તેમણે કહ્યું છે કે આ પર્વ પ્રેમ-શાંતિ, કરૂણા અને સામાજિક સંવાદિતાને મજબૂત બનાવશે.